## ગુરૂવારથી પુરવણીઓનું જાત મુલ્યાંકન વિદ્યાર્થી કરી શકશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માર્ચ-એપ્રિલ ૨૦૧૪માં ધોરણ-૧૦ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહી તેમજ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાના પરીણામ પણ જાહેર કરી દેવામાં આવ્યા છે ત્યારે જે વિદ્યાર્થીઓએ પોતાની ઉત્તરવહીઓના અવલોકનની અરજી કરી છે તે વિદ્યાર્થીઓમાં ઉત્તરવહી અવલોકનની વ્યવસ્થા આગામી ૧૯ અને ૨૦ જૂનના રોજ કરવામાં આવી છે. જેથી આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ ઓફિસ સમયમાં ઉત્તરવહી અવલોકન માટે શિક્ષણ બોર્ડની કચેરી ખાતે રૂબરૂ મુલાકાત લઈ શકશે. ઉત્તરવહી અવલોકન માટે અરજી કરતા વિદ્યાર્થીઓને ઉત્તરવહી અવલોકનનો સમય અને તારીખ દર્શાવતો કોલ લેટર મોકલી આપવામાં આવ્યો છે. આ ઉપરાંત આ ઉત્તરવહી અવલોકોનની પ્રક્રિયા અંગે બોર્ડની વેબસાઈટ ઉપર પણ માહિતી મુકવામાં આવી છે જેથી જે વિદ્યાર્થીઓને કોલ લેટર ન મળ્યો હોય તે વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર પોતાના કોલ લેટરની પ્રિન્ટ કાઢીને ઉત્તરવહી અવલોકન સમયે રજુ કરી શકશે. નોંધપાત્ર છે કે જે વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં પોતાના ગુણથી સંતુષ્ટ ના હોય તેવા વિદ્યાર્થીઓને શિક્ષણ બોર્ડ દ્વારા ઉત્તરવહી અવલોકનની સુવિધા પુરી પાડવામાં આવી છે. આવા વિદ્યાર્થીઓ ઉત્તરવહી અવલોકન દરમિયાન પોતાની ઉત્તરવહીમાં આપવામાં આવેલ ગુણનો સરવાળો કરી શકશે. જો તેમાં કોઈ ભૂલ જણાય તો બોર્ડ દ્વારા તેમના પરિણામને સુધારી દેવાશે.

# મીના બજારમાં દુકાનોના શેડ તોડી પાઈપો-તાડપતરી તસ્કરો ઉઠાવી ગયા

### સાંજ ઢળતા જ સુમસામ મીના બજારમાં દારૂની મહેફીલ જમાવવામાં આવે છે : વેપારીઓની પોલીસ પેટ્રોલીંગની માંગ

ગાંધીનગર, તા. ૧૬

શહેરના જુના સચિવાલય પાસે આવેલ મીના બજારમાં કેટલાક ચોર ઈસમોએ ગતરોજ રાત્રીના સમયે ત્રણ દુકાનોના આગળના શેડ તોડી લોખંડની પાઈપો અને તાડપતરી ચોરી ગયા હતા. દારૂના નશામાં ચકચૂર બની આ ચોરી કરી હોવાનું હાલના તબક્કે નજરે પડી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના જુના સચિવાલય પાસે મીના બજાર આવેલુ છે. સવારથી સાંજ સુધી શહેરના નાના-નાના વેપારીઓ અહીં વેપાર ધંધા અર્થે લારી ગલ્લાઓ લગાવી રોજગારી મેળવે છે. સવારથી સાંજ સુધી સચિવાલય સહિત આસપાસની કચેરીઓના કર્મચારીઓથી ઉભરાતા મીનાબજારમાં સાંજ ઢળતાની સાથે કરફ્યુ જેવો માહોલ બની જાય છે.

એકલતા અને અંધારાનો લાભ લઈ શહેરના અનેક અસામાજીક તત્વો અહીં શરાબ શબાબ અને કબાબની મહેફીલ માણતા હોવાની વેપારીઓ તરફથી ફરિયાદ ઉઠવા પામી છે. દરમિયાન અનેક વખત અનેક દુકાનો અને લારી ગલ્લાને તસ્કરોએ નિશાન બનાવ્યા છે. અને લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા છે. દરમિયાન ગતરોજ દુકાનના ત્રણ જેટલા શટરો તોડવાનો તસ્કરોએ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

મીનાબજાર સ્થિત અંદાજે ૩ દુકાનની આગળ કેટલાક તત્વોએ દારૂની મહેફીલ માણી લીધા બાદ દુકાનના શટર તોડવાની કોશિશ કરી હતી. જો કે દુકાનના શટર ના તુટતા આખરે કંટાળી દુકાન આગળ બનાવેલા શેડની તાડપતરી તેમજ શેડ માટે લગાવેલી લોખંડની પાઈપો ચોરી ગયા હતા. ઉપરાંત આસપાસના અનેક દુકાનના બોર્ડ પણ તોડી નાખ્યા હતા. દારૂડીયા તસ્કરોએ દારૂની મહેફીલ માણ્યા બાદ દારૂની ખાલી બોટલો પણ દુકાન આગળ તોડીને નાશી છુટ્યા હતા. આ ચોરીની નિષ્ફળ ઘટના સંદર્ભે બજારના વેપારીઓએ કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. બજારના વેપારીઓએ વારંવાર બનતી આવી ઘટના સંદર્ભે રોષ વ્યક્ત કરી પોલીસ પેટ્રોલિંગ વધારવા માંગ કરી છે.

## જય અંબે પરિવાર રજત જયંતિ વર્ષની ધામધૂમપૂર્વક ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી જયઅંબે પરિવાર ગાંધીનગર દ્વારા રજત જયંતિ મહોત્સવ મનાવવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક કલ્ચર ફોરમમાં અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

શ્રી જયઅંબે પરિવાર ગાંધીનગરને આગામી ઓક્ટોબર મહિનામાં ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. રજત જયંતિ વર્ષને યાદગાર બનાવવા માટે સેક્ટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં ગત ૧૫ જૂનના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બાવીસી કડવા પાટીદાર સમાજના પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ પટેલ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં અંબાજીથી અખંડ જ્યોત લાવવા, પરિવાર દ્વારા ગાંધીનગરના ૧૨ સેન્ટરો ઉપરથી સવા કરોડ નવાર્ણમંત્ર, લેખન બુકોનું વિનામૂલ્યે કરવામાં આવતા વિતરણનું અને ચૈત્રી નવરાત્રીના બીજના દિવસે મા જગદંબાની વિશિષ્ટ પૂજા સહિતના કાર્યક્રમોથી લલિતભાઈ પટેલે વાકેફ કરાવ્યા હતા.

રજત જયંતિ નિમિત્તે સહસ્ત્ર ચંડી મહાયાગ પ્રવચન પૂ. અશ્વિનકુમાર પાઠકજી દ્વારા સુંદરકાંડ કરાવવામાં આવશે. ગુજરાતનું ગૌરવ લોકડાયરો, અને રાસ ગરબા, આનંદનો ગરબો, રક્તદાન શિબિર તેમજ મલ્ટીકલર સોવેનિયર પ્રકાશિત કરવામાં આવશે. રજત જયંતિ વર્ષે નગરના નાગરિકોને લાભ લેવા કન્વીનર રમેશભાઈ પંચાસરા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




સ્માર્ટ કીડ નર્સરી સ્કૂલ, સેક્ટર-૨૧માં જૂની.કેજી.ના બાળકોના અભ્યાસનાં પ્રથમ દિવસે આસપાસના ગરીબ બાળકોને શાળા પરિવાર તરફથી ઘરે ભણવા બેન્ચનું દાન કરવામાં આવ્યું હતું. જે બાળકો શાળાએ ભણવા તો જાય છે, પરંતુ અમુક સુવિધાઓથી વંચિત રહી જાય છે. જેના કારણે તેમનો વિકાસ પણ અટકે છે. આ ગરીબ બાળકોને કંઈક અંશે સહાયરૂપ થવાય તે હેતુથી સ્માર્ટ કીડ નર્સરી સ્કૂલ દ્વારા ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ધોધમાર વરસતા વરસાદમાં પણ મહામંડળના સેવા સૈનિકોએ અસ્થિ વિસર્જનની સેવા આપી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના સે-૩૦ ખાતેના અંતિમધામ તેમજ સરગાસણ ખાતે 'ગુડા' દ્વારા નવ નિર્મિત અંતિમ ધામ ખાતે અંતિમ સંસ્કાર પામેલ દિવગંત આત્માઓના અસ્થિ વિસર્જન આજે સવારે હરિદ્વાર ખાતે પવિત્ર ગંગા નદીમાં કરવમાં આવ્યા હતા. આ અસ્થિ વિસર્જનની સેવા માટે શશીકાંત મોઢા અને મુકેશભાઈ શુકલએ હરિદ્વાર ખાતે ધોધમાર વરસાદમાં પણ તેમની સેવાઓ આપી હતી અને પવિત્ર વિધિ સંપન્ન કરાવી હતી.

ગાંધીનગર શહેરમાં ૧૯૯૬થી વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જનની સેવા આપવામાં આવે છે હવે સરગાસણ ખાતે 'ગુડા' દ્વારા નવનિર્મિત અંતિમધામ ખાતે અંતિમ સંસ્કાર કરાયેલા દિવંગત આત્માઓના અસ્થિવિસર્જનની સેવા આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧૮ મૃતાત્માઓના અસ્થિ વિસર્જન ગંગાજીમાં કરવામાં આવ્યા છે. તાજેતરમાં શહેરના બે આગેવાનો પ્રેમશંકર ભટ્ટ અને ચતુરજી ઠાકોરના દુઃખદ અવસાન બાદ તેમના અસ્થિ ગંગા નદીમાં વિસર્જન કરવા માટે મહામંડળ વતી બી.પી. પરમાર, બાબુભાઈ સુથાર અને બાબુભાઈ વણઝારા એમ ત્રણેયના પત્નિઓ દ્વારા હરિદ્વારના હરકી પેઢી ખાતે પુરા સન્માન સાથે અસ્થિ વિસર્જનની સેવાઓ આપવામાં આવી હતી.

હવે ત્રણ માસ પછી આગામી અસ્થિ વિસર્જનની સેવા યોજવામાં આવશે. જે માટે તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ અસ્થિકુંભોને વિદાય પ્રસ્થાન અને પુષ્પાંજલિ સહિત હરિદ્વાર માટે વિદાય અપાશે. આ સેવા દ્વારા વસાહત મહામંડળ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.

## નગરજનોને બળબળતા તાપમાં ઠંડક આપતું જુસિકાનું વિના મૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર

### અત્યાર સુધીમાં લગભગ ૫૦ થી ૬૦ હજાર લોકોને છાશ પીવડાવી તૃપ્ત કરાયા છે : સીવીલ હોસ્પિટલમાં બહારગામથી આવતા દર્દીઓના સગા માટે આર્શિવાદરૂપ બનેલ છાશ કેન્દ્ર ૨૧મી જુન સુધી ચલાવાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ઉનાળાના આકરા તાપે માઝા મૂકી હતી અને સીઝનના તાપ તમારી નજર વિના મૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર પર પડે અને તમને કેટલી રાહત થાય? ગાંધીનગરની સીવીલ હોસ્પિટલના હોસ્પિટલની મુલાકાતે આવે ત્યારે અસહ્ય ગરમીમાં કરાયેલી મુસાફરીથી ત્રસ્ત હોય છે. આ સમયે સીવીલ હોસ્પિટલના



પછી હવે નગરજનો ભારે ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. આવી ગરમી અને બફારાના વાતાવરણમાં નગરજનો ઠંડા પીણા, શરબતો, શેરડીનો રસ અને છાસ પીને પોતાની તૃષા સંતોષવા પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે શહેરની સીવીલ હોસ્પિલના કમ્પાઉન્ડમાં જુનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા શરુ કરાયેલુ વિના મૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર બહારગામથી આવતા લોકો માટે આર્શિવાદ સમાન પુરવાર થયું છે.

ધોમધખતા તડકામાં જયાં કમ્પાઉન્ડમાં જુસિકા દ્વારા સ્વ. રંજનબેન ભરતકુમાર શેઠના સ્મરણાર્થે તા. ૨૧મી માર્ચથી શરુ કરાયેલા 'વિના મૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર' દ્વારા અત્યાર સુધીમાં ૫૦ થી ૬૦ હજાર લોકોને ઠંડી મધુર છાશ પીવડાવીને તૃપ્ત કરાયાં છે. આર્યુવેદમાં છાશને 'ઉનાળાનું અમૃત' કહેવાયું છે અને કાળઝાળ ગરમીમાં એક ગ્લાસ છાશ ઠંડક તો આપે છે પણ લૂ લાગવાથી પણ બચાવે છે. નગરની સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીઓના સગાઓ બહારગામથી જયારે કમ્પાઉન્ડમાં જુસિકા દ્વારા શરૂ કરાયેલ 'વિના મૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર' પરથી ઠંડી, મધુર છાશ પીને તેમને અમૃત પીધાનો ઓડકાર આવી રહ્યો છે.

જુસિકાની આ છાશની પરબ સેવાએ એક અનોખું દ્દષ્ટાંત પુરું પાડયું છે અને અત્યાર સુધીમાં લગભગ ૫૦ થી ૬૦ હજાર લોકોને છાશ પીવડાવીને ધોમધખતા તડકામાં તૃપ્ત કરાયા છે. જુસિકા દ્વારા આ છાશ વિતરણ કેન્દ્ર તા. ૨૧મી જુન સુધી ચલાવવાનું નક્કી કરાયું છે જે એક પ્રસંશનીય બાબત છે.

## ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયાથી હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત

### પ્રવેશ પ્રક્રિયાને લઈને એન.એસ.યુ.આઈ. દ્વારા કુલપતિને આવેદન પાઠવવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અવારનવાર નિયમો બદલવામાં આવે છે. રાજ્યના અનેક વિદ્યાર્થીઓ આવા કુલપતિને લઈને યુનવર્સિટી લાઈટમાં રહે છે.

હાલમાં જ યુનિવર્સિટીની પુરવણીઓ રીક્ષામાં જોવા મળી હતી. કરાવ્યું છે. તેમના પણ પ્રમાણપત્ર ચકાસણી બાકી રહી ગયા છે. અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને કતારમાં ઉભા રહી પ્રોવીજનલ એલજીબીલીટી



નિયમોનો ભોગ બને છે. ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમવાર સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે. તેના કારણે અનેક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવામાં વંચિત થયા છે. જે અંગે એન.એસ.યુ.આઈ. દ્વારા કુલપતિને આવેદન પાઠવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીનું નામ જે રીતે અભ્યાસ કરવા માટે જાણીતુ છે. તેવી જ રીતે વિવાદો માટે પણ જાણીતુ છે. ગુજરાત યુનિવર્સિટીને વિદ્યાર્થીઓ વિવાદોનો મધપૂડો પણ કહે છે. ક્યારેક અભ્યાસક્રમને લઈને તો ક્યારેક જેવી અનેક ઘટનાઓ યુનિવર્સિટીની સાક્ષી પુરે છે. ફરી એકવાર પ્રવેશ પદ્ધતિને લઈને યુનિવર્સિટી વિવાદમાં આવી છે. યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પ્રથમવાર સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે. ત્યારે આ પ્રવેશ પદ્ધતિનો છેલ્લો દિવસ ૧૫ જૂન રવિવાર રાખવામાં આવ્યો હતો.

પરંતુ આ પ્રવેશ પ્રક્રિયાએ વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મુકી દીધા છે. આ પદ્ધતિથી ઘણા-ખરા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા છે. તેમજ જે વિદ્યાર્થીઓએ પોતાનું નામ રજીસ્ટર સર્ટીફિકેટ કઢાવવા સમસ્યાઓને સામનો કરવો પડ્યો હતો.

પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓ માટે અને સેન્ટ્રલાઈઝ પ્રવેશ પદ્ધતિ નિષ્ફળ નિવડી છે. તેને લઈને એન.એસ.યુ.આઈ. દ્વારા યુનિવર્સિટીના કુલપતિને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. કુલપતિએ જણાવ્યું હતું કે આ અંગે તાકીદે બેઠક બોલાવી સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે. અને જો નિર્ણય નહિ લેવામાં આવે તો એન.એસ.યુ.આઈ. દ્વારા આંદોલન કરવામાં આવશે.

## સે. ૨૮ દત્ત મંદિર ખાતે ચાર દિવસીય ધાર્મિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૨૮માં આવેલ ત્રિમૂર્તિ દત્તમંદિરના ૨૯માં પાટોત્સવ અને પૂ. શ્રી સ્વામી મહારાજ સમાધિ શતાબ્દિ વર્ષ અંતર્ગત ૧૯-૬-૨૦૧૪ થી તા. ૨૨-૬-૨૦૧૪ સુધી ત્રિમૂર્તિ દત્તમંદિર, ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૮-૬-૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રીરંગ અવધૂત પરિવાર, હાથીજણ તા. દહેગામ દ્વારા ૨૯માં વર્ષે પણ દર સાલની જેમ પદયાત્રા નૂતન ધ્વજા લઈને નિકળશે અને તા. ૧૯-૬-૨૦૧૪ના રોજ સવારે ૮.૩૦ કલાકે ધ્વજા આરોહણ બાદ ૯.૩૦ કલાકે શ્રી વાસુદેવનામસુધાનો સ્વાહાકાકાર યજ્ઞ શરૂ કરવામાં આવશે. આ નિમિત્તે નારેશ્વર આશ્રમના આચાર્યશ્રી સર્વદમનભાઈ પધારશે. તા. ૨૦-૨૧-૨૨-૨૦૧૪ના રોજ સવારે ૯.૩૦ થી ૧.૦૦ શ્રી ગુરુલીલામૃત ઉપાસનાકાંડ સંગીત પારાયણનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આ દિવસે રાત્રે ૮.૧૫ થી રાત્રીના ૧૧.૦૦ કલાકે પૂ. સ્વામી મહારાજના જીવન કવન પર વિવિધ વક્તાઓ દ્વારા પ્રવચન કરવામાં આવશે. વિવિધ વક્તાઓ ડૉ. બાબા સાહેબ તરાણેકર ઈંદોર, વિદ્યાનગરના ડૉ. જયેન્દ્રભાઈ દવે, ડૉ. શ્રીમતિ શ્રુતિબહેન ત્રિવેદી, વડોદરા, પૂ. શ્રી વિરંચીપ્રસા તિલકવાડા, વાસુદેવભાઈ નંદુરબારકર, અમદાવાદ અને શ્રી કિરીટભાઈ શાસ્ત્રી વડોદરા ઉપસ્થિત રહેશે. આ વક્તાઓને સાંભળવા તેમજ ત્રિમૂર્તિ દત્તમંદિરના પાટોત્સવ નિમિત્તે ગાંધીનગર શહેરના ભાવિક ભક્તજનોએ લાભ લેવા નમ્ર વિનંતી છે તેમ આચાર્યશ્રી, ત્રિમૂર્તિ દત્તમંદિરના નવનીતભાઈ પાઠકે જણાવેલ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬

સૂર્યાસ્ત : ૭.૨૫

### તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૪૯ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦
ફુગલી : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
હોલીડે : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફગલી : ૧૦.૦૦
ચલ ભાગ : ૧૨.૪૫
મછલી જલ કી રાની હૈ : ૩.૦૦, ૧૦.૦૦
અનફોગ્રેટેબલ : ૬.૩૦

: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦
ફગલી : ૧.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦, ૧.૧૫, ૬.૦૦, ૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા સિનેમા (વાવોલ)**

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ફગલી : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
હોલીડે : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
ફગલી : ૪.૧૫

: સ્ક્રીન-૩ :
ચલ ભાગ : ૧૦.૩૦, ૩.૩૦, ૮.૩૦
મછલી જલ કી રાની હૈ : ૧.૦૦, ૬.૦૦, ૧૧.૦૦

### આપની આજ

**મેષ** : ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થશે. માલ- મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. વ્યાપારિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. નિર્ણયોને ખાનગી રાખવા હિતકારક હોય છે. બુદ્ધિ અને મનોબળથી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થશે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. જવાબદારીના કાર્યોમાં સાવચેતી રાખવી. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો.

**કર્ક** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતન થશે. કુટુંબિજનો અને મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકશે.

**સિંહ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. આમોદ- પ્રમાદના અવસર આવશે.

**કન્યા** : નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વ્યાપારીક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થઈ શકશે. બૌદ્ધિક હેરાનગતિની શકયતા છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે.

**તુલા** : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાની સંભાવના છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો નહીંતો મુશ્કેલી થઈ શકે છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓ થશે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે.

**મકર** : નવી કાર્ય યોજનાનો યોગ પ્રબળ બની રહ્યો છે. સ્ફુર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.લાભનો માર્ગ ખુલ્લો થશે.

**કુંભ** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા થશે. પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. શોધપૂર્ણ કાર્યોથઈ વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. વેપારમાં લાભ થવાનો યોગ છે.